# સેક્ટર-૩ના લગ્ન સમારોહમાં ધીંગાણું

ગાંધીનગર, તા. ૨૩

શહેરના નવવિકસીત સેક્ટર-૩-ન્યુ માં ગતરોજ લગ્ન સમારોહમાં નજીવી બાબતે તકરાર થઈ હતી. લગ્નમાં જાનૈયાઓએ મારામારી કરી લગ્ન મંડપને નુકશાન પહોંચાડ્યું હતું. આ ઝઘડામાં બે ત્રણ વ્યક્તિને ઈજા પહોંચી હતી. ઝઘડાના અવાજથી સેક્ટરના રહીશો પણ ભેગા થઈ ગયા હતા.

શહેરના ૩-ન્યુ ખાતે ગતરોજ સાંજે પટ્ટણી સમાજના લગ્ન સમારોહમાં ફુલ મારવા જેવી નજીવી બાબતે બોલાચાલી થઈ હતી. પણ અચાનક આ તકરારે મોટુ સ્વરૂપ આપીને જાનૈયાઓ વીફર્યા હતા અને મારામારી શરૂ કરી હતી. લગ્ન સમારોહમાં અચાનક મારામારી થતા આસપાસના રહીશો પણ એકત્ર થઈ ગયા હતા. જાનૈયાઓએ લગ્નના મંડપને તેમજ રોશનીની લાઈટોની પણ તોડફોડ કરી હતી. આ ઝઘડામાં બેથી ત્રણ વ્યક્તિને ઈજા પહોંચી હતી.

લગ્નમાં આવી રીતે અચાનક મારામારીના દૃશ્યો સર્જાતા લોકો પણ અચરજ પામ્યા હતા. લગ્નમાં આવેલા મહેમાનો પણ સ્ક્યુઝ્ડ થઈ ગયા હતા અને જાનૈયાઓ પણ ઉભી પુંછડીયે ભાગ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ લગ્ન સમારોહમાં વર-વધુના પક્ષે કોઈ જગડો નહોતો પણ લગ્નમાં આવેલ મહેમાનો અને જાનૈયાઓએ ઝઘડો કરી લગ્નની મજા બગાડી હતી.

## કોબા ખાતે કાદરશાહ વલીનો ઉર્સ મુબારક

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર તાલુકાના કોબા ખાતે આવેલ હઝરત કાદશાહવલીનો ઉર્સ મુબારક આગામી તા. ૨૫મી ફેબ્રુઆરી સોમવારના રોજ ઉજવાશે. આ પ્રસંગે જોહરની નમાઝ બાદ બપોરે ૩.૩૦ કલાકે ગામમાંથી ગાદી નિશાન સાથે દરગાહ ઉપર પહોંચશે. ગામના સાથ સહકારથી કોમી એકતાના ભાગ રૂપે આ ઉર્સ મનાવવામાં આવે છે. પિરી મુરસીદ વલ્લી અલ્લાહોની દરગાહોથી પ્રેમ સદભાવના-ભાઈચારાનો સંદેશ મળે છે તેમ જણાવતા દરગાહના ખિદમતગાર મનસુરી યુનુશબાપુએ ઉપસ્થિત રહેવા જણાવેલ છે.

## આજે શ્રી સમસ્ત ખડાયતા સમાજ દ્વારા ઈનામોત્સવ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૩

શ્રી સમસ્ત ખડાયતા સમાજ, ગુજરાત, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક ઈનામોત્સવ, ઉંધીયા ઉજાણી તથા મનોરંજન કાર્યક્રમનું આયોજન આવતીકાલે તા. ૨૪મી ફેબ્રુઆરીના રોજ બપોરે ૨.૩૦ કલાકે આંબેડકર ભવન, સેક્ટર-૧૨ ખાતે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ૭૦ વર્ષના વડીલોનું બહુમાન કરાશે. પ્રથમ હાજર રહેનાર પાંચ કુટુંબોને પણ ઈનામો અપાશે. આ કાર્યક્રમમાં જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ટાઉનહોલમાં સ્ટેજ કર્ટેઈનમાં ક્ષતિ : બંધ થતો નથી..!!

### સ્ટેજ લાઈટ અને સાઉન્ડ સિસ્ટમના પણ ઠેકાણા નથી : સ્ટેજ પરફોર્મ કરતા કલાકારોની મુંઝવણ વધી

ગાંધીનગર, તા. ૨૩

સાંસ્કૃતિક વૃત્તિ પ્રવૃત્તિને સ્ટેજ પુરુ પાડતા ટાઉનહોલમાં સ્ટેજના કર્ટેઈન અને સાઉન્ડ સિસ્ટમના ઠેકાણા ન હોવાથી કલાકારો અને આયોજકોએ મુંઝવણમાં મુકાવવું પડે છે. છેલ્લા કેટલાક સમયથી સ્ટેજનો કર્ટેઈન પણ બંધ થતો નથી. જ્યારે સ્ટેજ અને ઓડીટોરીયમની લાઈટીંગમાં પણ ક્ષતિઓ આવતા નગરના કલારસિકોમાં ઉગ્ર આક્રોશ પ્રવર્ત્યો છે. બીજી તરફ તંત્ર દ્વારા પણ યોગ્ય જાળવણી ન થતા કાર્યક્રમના આયોજકો માટે શિરદર્દ ઉભો થયો છે.

શહેરમાં સે. ૧૭ સ્થિત ટાઉનહોલમાં રોજબરોજ અનેકવિધ કાર્યક્રમોનું આયોજન થતુ રહે છે. એક સાથે એક હજાર શ્રોતાઓને સમાવી શકે તેવો વિશાળ હોલ એક જ હોવાથી વર્ષ દરમિયાન મોટાભાગે ટાઉનહોલ બુક જ હોય છે. ટાઉનહોલના વપરાશને ધ્યાને લઈ અગાઉ તંત્ર દ્વારા રીનોવેશનનું જરૂરી કામ પણ હાથ ધરવામાં આવ્યું હતું. આમ છતાં સમયાતંરે યોગ્ય જાળવણીના અભાવે સ્ટેજ પરફોર્મ કરતા કલાકારો અને આયોજકો માટે મુંઝવણ ઉભી થઈ છે. ટાઉનહોલના સ્ટેજનો કર્ટેઈન છેલ્લા કેટલાક સમયથી બંધ થતો નથી. જ્યારે મ્યુઝિકલ પ્રોગ્રામ વેળાએ પણ આયોજકોએ બહારથી સાઉન્ડની વ્યવસ્થા ગોઠવવી પડે છે. ઓડીટોરીયમ અને સ્ટેજની લાઈટીંગ સિસ્ટમમાં પણ ક્ષતિઓ હોવાથી કલાકારો સહિત શ્રોતાઓને પણ હાલાકી વેઠવી પડે છે. શહેરમાં સાંસ્કૃતિક ચેતના જાગૃત કરવા માટે ઉત્તમ સ્ટેજ મનાતા ટાઉનહોલમાં પ્રાથમિક સુવિધાઓ જ ખાડે ગઈ છે.

ગાંધીનગર સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ દ્વારા આજે ટાઉનહોલ ખાતે વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના ભુલકાઓથી માંડીને ધો. ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ દ્વારા 'પાણી બચાવો' થીમ પર અનેક કૃતિઓ રજુ કરવામાં આવી હતી. (તસવીર : દિપક જાની)

## ગાંધીનગરના પેન્શનરોનો પૂર્વ ભારત પ્રવાસ સંપન્ન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સેકટર-૨ના પેન્શનરો/કુંટુંબ પેન્શનરોનો પૂર્વ ભારતનો પ્રવાસ યોજાયો હતો. પુરીના જગન્નાથજી, કલકત્તામાં મુખ્યમંત્રી નિવાસ સ્થળ, સિક્કીમમાં પર્યાવરણની જાળવણી, દાર્જિલીંગનું કુદરતી સૌંદર્ય, પશુપતિ નાથના દેવના, ગોરખપુરનું ગોરખનાથ મંદિર, જીવનમાં પ્રવાસ અને પર્યાવરણની અગત્યતા સમજાઈ હતી. પ્રવાસ સફળ બનાવવા ડાહ્યાભાઈ ગાંધી, નિરંજન ઓઝા, બીપીનભાઈ ગોર, નરેન્દ્રભાઈ ભાવસાર, શંકુતલાબેન ગોર, મુક્તાબેન જાદવ, સરલા ભટ્ટ, અક્ષયભાઈ રાણા વગેરે મહેનત ઉઠાવી હતી.

# ઓરડીમાં સંતાડેલો સાડા ત્રણ લાખનો દારૂ-બિયરનો જથ્થો મળ્યો

### પોર ગામના રામેશ્વર ફાર્મમાં અડાલજ પોલીસ ત્રાટકી : એકની ધરપકડ : બે વોન્ટેડ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીકના પોર ગામની સીમમાં આવેલા રામેશ્વર ફાર્મમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો સંતાડેલો હોવાની બાતમીને આધારે અડાલજ પી.આઈ. તેમની ટીમ સાથે બાતમી વાળા સ્થળે પહોંચી ગયા હતાં. દરોડો પાડી સાડા ત્રણ લાખની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો જપ્ત કરીને એક બુટલેગરની ધરપકડ કરી લીધી છે. જ્યારે ફાર્મનો માલિક તથા દારૂનો જથ્થો સપ્લાય કરનાર અમદાવાદનો બુટલેગર બે શખ્સો વોન્ટેડ છે. અડાલજ પોલીસે પ્રોહીબીશન એકટ મુજબ ગુનો નોંધી સઘન પુછપરછ શરૂ કરી છે.

અડાલજ પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટને ગઈ કાલે સાંજે બાતમી મળી હતી કે ગાંધીનગર પાસેના પોર ગામની સીમમાં સ્થિત રામેશ્વર ફાર્મની ઓરડીમાં વિદેશી દારુ અને બિયરનો જથ્થો સંતાડવામાં આવ્યો છે. જેને આધારે પી.આઈ. બ્રહ્મભટ્ટ, પીએસઆઈ બી.એમ. રાઠવા તથા સ્ટાફના માણસોએ બાતમીવાળા સ્થળે દરોડો પાડયો હતો. ઓરડીમાં તપાસણી કરતાં પોલીસને એક પછી એક ૭૨ નંગ બિયરના ટીન અને ૧૨૦૦ નંગ વિદેશી દારુની એમ અલગ અલગ બ્રાન્ડની બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ-બિયરનો રૂ. ૩,૪૯,૨૦૦ની કિંમતનો જથ્થો કબ્જે લઈ ફાર્મની ઓરડી સંભાળતા એક શખ્સ મનુ મેવા રાઠોડની ધરપકડ કરી લીધી છે. રામેશ્વર ફાર્મના અડાલજ ખાતે રહેતા માલિક બીપિનભાઈ ચિમનભાઈ પુરોહીત અને ઓરડીમાં દારૂ-બિયરનો સપ્લાય કરનાર સાબરમતી વિસ્તારના મિતેશ પ્રવિણ ઠાકોરના નામ પુછપરછ દરમિયાન બહાર આવતા બંને વિરૂધ્ધ પણ ગુનો દાખલ કરી બંનેની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

## કૈલાસ માનસરોવર યાત્રાના રજીસ્ટ્રેશન જોગ

ભારત સરકાર દ્વારા આયોજિત કૈલાસ માનસરોવર યાત્રા પર જવા માટેના રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ માર્ચ ૨૦૧૩ છે. આ યાત્રા પર જવા ઈચ્છતા ભાવિકોને નિઃશુલ્ક રજીસ્ટ્રેશન માટે શ્રી વિપીનભાઈ પંડયા, પ્લોટ નં. ૧૩૪૦/૨, સેક્ટર-૨-બી, ગાંધીનગર (મોબાઈલ નં. - ૯૪૨૬૬ ૧૪૯૧૦) તથા શ્રી કૃષ્ણકાન્તભાઈ રાણા, સેક્ટર-૩૦, (મો.નં.૯૪૨૭૪૧૯૦૧૨) પર સંપર્ક સાધવા જણાવાયું છે.

## લિમ્બચ માતાજીનાં મંદિર ખાતે ૨૫મીએ પૂનમ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૩

પ્રેરણા પ્રગતિ મંડળના ટ્રસ્ટી ભરતભાઈ સુર્યાવાલાના જણાવ્યા પ્રમાણે શ્રી લિમ્બચ માતાજી મંદિર ગાંધીનગર ખાતે તા. ૨૫મી ફેબ્રુઆરીએ પૂનમની આરતી સાંજે ૬-૩૦ કલાકે યોજાશે. ભૂપેન્દ્રભાઈ જે. શર્મા, અને ગોવિંદભાઈ પી. લીમ્બાચીયા તરફથી પ્રસાદી ધરાવવામાં આવશે.

## આજે ભાનુપ્રસાદ પુરાણીનુ વક્તવ્ય

ગાંધીનગર, તા. ૨૩

પ્રતિષ્ઠિત કવિ, સમીક્ષક શ્રી રમણ વાઘેલાના પુસ્તક 'દલિત સાહિત્યના લેખાં જોખાં' વિશે સાહિત્યકાર શ્રી ભાનુપ્રસાદ પુરાણીના વક્તવ્યનું આયોજન આવતીકાલે તા. ૨૪મી ફેબ્રુઆરીના રોજ આંબેડકર ભવન, સેક્ટર-૧૨ ખાતે સાંજે ૫ વાગે યોજવામાં આવ્યું છે.

# ડોર ટુ ડોર કચરા કલેક્શનની કામગીરી બે વર્ષથી અધ્ધરતાલ

### સ્થાયી સમિતિના ચેરમેન મ્યુ. કમિશનરને પત્ર લખી રજૂઆત કરી

ગાંધીનગર, તા. ૨૩

ડોર ટુ ડોર કચરા કલેક્શનની કામગીરીમાં છેલ્લા ઘણા સમયથી વિલંબ જણાતા આ સંદર્ભે આજે ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન મહાનગરના મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી ડોર ટુ ડોર કચરા કલેક્શનની કામગીરીને અગ્રીમતા આપી સત્વરે કાર્યવાહી કરવા પત્રમાં જણાવ્યું હતું.

શ્રી પ્રવિણ પટેલે અન્ય એક પત્રમાં સ્થાયી સમિતિએ કરેલ ઠરાવોનો સત્વરે અમલ કરવા મ્યુનિસિપલ કમિશનરને ધ્યાન દોર્યું હતું. જેમાં લેન્ડફીલ સાઈટ, વેબ્રીજ, દંડની જોગવાઈઓમાં વધારો કરવા બાબત, મોબાઈલ કોર્ટ શરૂ કરવા બાબત અને મીકેનીકલ સાધનો ખરીદવા સરકારશ્રીમાં ૫ કરોડ રૂપિયા જમા કરાવી સાધનો ખરીદવા બાબતે કાર્યવાહીમાં વિલંબ કેમ થયેલ છે ? તથા હાલ આ કામો કયા તબક્કે છે ? તેની આગામી સ્થાયી સમિતિમાં માહિતી આપવા જણાવ્યું હતું.

## રાંધેજામાં શ્રી કરમશીભા પ્રવેશદ્વારનું આજે ઉદ્ઘાટન યોજાશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામના રબારીવાર ખાતે દેસાઈ કરમશીભાઈ રામાભાઈ પરિવાર દ્વારા તા.૨૪મી ફેબ્રુઆરી ૨૦૧૩ને રવિવારે બપોરે ૧૨.૩૯ કલાકે કરમશીભાઈ પ્રવેશદ્વારનો ઉદઘાટન સમારંભ યોજાશે.

કરમશીભાઈ પ્રવેશ દ્વાર ઉદઘાટન પ્રસંગે પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ મહંત બળદેવગીરી બાપુ, કનીરામદાસ મહારાજ ખાસ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત રાજકીય મુખ્ય મહેમાનોમાં અર્જૂન મોઢવાડીયા, શંકરસિંહ વાઘેલા, શકિતસિંહ ગોહિલ, ડૉ. સી.જે. ચાવડા ખાસ હાજર રહેશે. મહંત લખીરામ બાપી, મહંત ગણેશદાસ બાપુ અને મહંત ગોવિંદગીરી બાપુ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે.

# સંત નિરંકારી મંડળ દ્વારા બાબા હરદેવસિંહજીના જન્મદિનની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા. ૨૩

સંત નિરંકારી મંડળ, ગાંધીનગરના પરિવાર તરફથી સંત નિરંકારી મિશનના સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજના પાવન જન્મદિનની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી છે. બાબાજીના જન્મદિન નિમિત્તે છેલ્લા ત્રણ દિવસથી નિરંકારી ભવન, શાંતિવન સોસાયટીની સામે, સેક્ટર-૩૦ ખાતે ભવનમાં તેમજ ભવનની આજુબાજુના વિસ્તારમાં સફાઈ ઝુંબેશ આદરી છે, જેમાં નાના બાળકો, સ્ત્રીઓ, પુરૂષોથી માંડીને વૃદ્ધો સહિત સૌ સત્સંગીઓએ આ સેવામાં સહર્ષ ભાગ લીધો હતો.

આ ઉપરાંત રવિવાર, તા. ૨૪-૨-૧૩ના રોજ સિવિલ

હોસ્પિટલ ખાતે સફાઈ ઝુંબેશનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નિરંકારી મંડળના સત્સંગીઓ આ એરિયામાં સફાઈ કરશે. આ ઉપરાંત, આ નિરંકારી ભવન ખાતે નિયમિત પણે દર રવિવારે સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ સુધી સત્સંગ કાર્યક્રમ થાય છે. ભવન ખાતે દરરોજ સવારે યોગા કલાસ વિના મુલ્યે ચાલે છે. ભવનમાં લાઈબ્રેરી પણ ઉપલબ્ધ છે જેમાં વિવિધ ધર્મના આધ્યાત્મિક પુસ્તકો છે. જેનો લાભ લેવા તમામ નગરજનોને તથા ખાસ કરીને સીનીયર સીટીઝન્સને મંડળના પ્રમુખ શ્રી કે.એસ. ચુઘે હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે. સત્સંગ અન્વયે વધુ જાણકારી માટે મો. નં. ૯૯૭૮૪૦૬૫૬૮ તથા ૯૮૯૯૮૦ ૧૨૬૯૨ અથવા ૨૩૨-૨૪૫૬૬ નંબર પર સંપર્ક કરવા વિનંતી છે.

# ગાંધીનગરમાં ૧૦૦ થી વધુ કેન્દ્રો પરથી પોલિયોની રસી પીવડાવાશે

ગાંધીનગર, તા. ૨૩

દર વર્ષની જેમ રાષ્ટ્રીય પલ્સ પોલિયો કાર્યક્રમ અંતર્ગત તા. ૨૪મી ફેબ્રુઆરીના રોજ પાંચ વર્ષ સુધીના તમામ બાળકોને પોલિયો રસી પીવડાવવનું રાષ્ટ્રીય કક્ષાએ નક્કી કરવામાં આવેલ છે. ગાંધીનગર શહેર વિસ્તારમાં ઘનિષ્ઠ આયોજન પી.પી. યુનિટ જનરલ હોસ્પિટલ, તથા મહાનગરપાલિકા ગાંધીનગર મારફતે કરવામાં આવેલ છે. દરેક બુથમાં સવારે ૮ થી સાંજનાં ૫ વાગ્યા સુધી પોલિયોના ટીપાં પીવડાવવામાં આવશે. ઝૂંપડપટ્ટીમાં પાંચ મોબાઈલ ટીમોનું આયોજન કરેલ છે.

ગાંધીનગર શહેરમાં પલ્સ પોલિયોના કેન્દ્ર સ્થળો આ પ્રમાણે છે

| બુથનું સ્થળ | બુથનું સ્થળ | બુથનું સ્થળ |
|---|---|---|
| સે-૧ ગાયત્રી મંદિર | સે-૧૩/બી શોપીંગ સેન્ટર | સે-૨૭ શિવશક્તિ મંદિર |
| સે-૧ સમદર્શન આશ્રમ | સે-૧૩ છાપરા વિસ્થાપિત | સે-૨૮ સરકારી દવાખાનું |
| સે-૨ સરકારી દવાખાનું | ગોકુળપુરા | સે-૨૮ પ્રા.શાળા |
| ઘ/૨ કોર્નર, ડૉ.રાજેશ પટેલ દવાખાનું | સે-૧૪ બ્લોક નં.૫૮/૨ | સે-૨૯ સરકારી દવાખાનું |
| સે-૨/બી શિવમંદિર | સે-૧૪ ગુ.હા.બોર્ડ, દિવ્યા બ્યુટી પાર્લર | સે-૨૯ પ્રા.શાળા |
| સે-૨/ડી શિવમ વિદ્યાલય | સે-૧૫ ફતેપુરા | સે-૨૯, ઘ-૭ કોર્નર |
| સે-૩ સુવિધા કચેરી | સે-૧૬ સરકારી દવાખાનું | સે-૩૦ સરકારી દવાખાનું |
| સે-૩/સી સપ્તપદી મંદિર | સે-૧૬ સોમનાથ મહાદેવ | સે-૩૦ પ્રા. શાળા |
| સે-૩/બી અંબાજી મંદિર (નવરાત્રી ચોક) | સે-૧૭ સરકારી દવાખાનું | સે-૩૦ સુવિધા કચેરી |
| સે-૩/એ અંબાજી મંદિર | સે-૧૭ પ્રા. શાળા | સે-૩૦ ઝૂલેલાલ મંદિર |
| સે-૩/એ ન્યુ સરકારી દવાખાનું | સે-૧૯ સુવિધા કચેરી | જી.ઈ.બી. દવાખાનું |
| સે-૪/સી ગોગા મંદિર | સે-૨૦ સરકારી દવાખાનું | જી.ઈ.બી. ગુરૂકુળ |
| સે-૪/એ શિવ મંદિર | સે-૨૦ પ્રા. શાળા | બોરીજ પ્રા. શાળા |
| સે-૪/બી શનિ મંદિર | સે-૨૧ સરકારી દવાખાનું | બોરીજ રાધે-૨ ફલેટ |
| સે-૪/ડી સરકારી દવાખાનું | સે-૨૧ પ્રા.શાળા | બોરીજ નવાપુરા |
| સે-૫/એ પ્રેરણા સ્કૂલ | સે-૨૧ પંચશીલપાર્ક, શાંતિ પેલેસ, ફલેટ.૬૪૪ | રાજભવન |
| સે-૫ સરકારી દવાખાનું | સે-૨૨ સરકારી દવાખાનું | પાલજ સરકારી દવાખાનું |
| સે-૫/સી મહાકાળી મંદિર | સે-૨૨ પ્રા. શાળા | બાસણ પ્રા. શાળા |
| સે-૬ પ્રા. શાળા | સે-૨૨ રામેશ્વર મહાદેવ (મહિલા સિવણ કલાસ પાસે) | ઈન્દ્રોડા પ્રા. શાળા |
| સે-૬ સરસ્વતી સ્કૂલ | સે-૨૩ સરકારી દવાખાનું | ઈન્દ્રોડા ચામુંડા મંદિર |
| સે-૬/ડી ભુવનેશ્વર મહાદેવ | સે-૨૩ પ્રા. શાળા | ધોળાકુવા પ્રા. શાળા |
| સે-૭ પ્રા. શાળા | સે-૨૩ સ્વામિનારાયણ મંદિર | ધોળાકુવા મારવાડી છાપરા |
| સે-૭ પટેલ વાડી | સે-૨૪ સરકારી દવાખાનું | ઈન્ફોસીટી ટાઉનશીપ |
| સે-૭/સી શિવ મંદિર | સે-૨૪ પ્રા.શાળા | આદિવાળા પ્રા.શાળા |
| સે-૭/બી સંજીવની હોસ્પિટલ | સે-૨૪ ઈન્દિરાનગર છાપરા | ચરેડી છાપરા |
| સે-૮ પ્રા. શાળા | સે-૨૪ કેટેગરી આંગણવાડી (પોસ્ટ કોલોની પાસે) | અક્ષરધામ |
| સે-૮ સરકારી દવાખાનું | સે-૨૪ વિવેકાનંદ સ્કૂલ | એસ.ડી.ડેપો |
| સે-૯ સુવિધા કચેરી | સે-૨૪ માંતગી સ્કૂલ | સે-૨૮ બગીચો |
| સે-૧૨ પોલીસ ચોકી | સે-૨૬ યશ મેડિકલ સ્ટોર્સ | મોબાઈલ, ૧, ૨, ૩, ૪, ૫ |
| સે-૧૨ પ્રા.શાળા | સે-૨૬ જી.આઈ.ડી.સી. કમલભાઈ જૈનનું ઘર | |
| સે-૧૨ પી.પી. યુનિટ (સિવિલ) | સે-૨૬ ભવાની કિરાણા સ્ટોર્સ | |
| સે-૧૩ એરફોર્સ દવાખાનું | સે-૨૬ જીઆઈડીસી, ન્યુ ગ્રીનસીટી, વીડિયોકોન કં.સામે | |
| સે-૧૩ પ્રા.શાળા | સે-૨૭ એસઆરપી દવાખાનું | |
| સે-૧૩ છાપરા | સે-૨૭ પ્રા.શાળા | |

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૩

સૂર્યાસ્ત : ૬.૨૮

## તાપમાન

મહત્તમ : ૨૯.૮ ડિ.સે.

લઘુત્તમ : ૧૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૩૭ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

એ ગુડ ડેય ટુ ડાઈ હાર્ડ (હિન્દી) : ૯.૦૦, ૧.૪૫, ૬.૪૫, ૮.૪૫, ૧૦.૪૫

એબીસીડી: એની બૉડી કૅન ડાન્સ (ડી) : ૧૧.૦૦, ૩.૪૫

: સ્ક્રીન-૨ :

કાઈ પો છે : ૯.૪૫, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

સ્પેશયલ-૨૬ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

જિલ્લા ગાજીયાબાદ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૦૦, ૧૦.૧૫

કાઈ પો છે : ૬.૪૫

### સૂર્યા, વાવોલ

જિલ્લા ગાજીયાબાદ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

હા હું દિકરીનો બાપ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

જિલ્લા ગાજીયાબાદ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :

ડાઈ હાર્ડ-૫ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

મર્ડર-૩ : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

જયંતાભાઈકી લવ સ્ટોરી : ૧૨.૪૫, ૫.૧૫

### ચિરાગ, કલોલ

જિલ્લા ગાજીયાબાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- ગામીત જ્ઞાતિ મંડળ અમદાવાદ દ્વારા સામાજિક કાર્યક્રમ સવારે ૮.૦૦ કલાકે.
- સમસ્ત ખડાયતા સમાજ ગાંધીનગર દ્વારા સામાજિક અને શૈક્ષણિક કાર્યક્રમ બપોરે ૩.૦૦ કલાકે.

### ટાઉન હોલ

- મોચી સમાજ દ્વારા સામાજિક અને શૈક્ષણિક કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.
- વેદ ઈન્ટરનેશલ સ્કુલ ગાંધીનગર દ્વારા વાર્ષિકોત્સવ બપોરે ૨.૦૦ કલાકે.

### સામાજિક

- સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગર અને સહયોગ મંડળના ઉપક્રમે સરકારી પ્રાથમિક શાળા સેકટર-૨૪ ખાતે સવારે ૯.૦૦ કલાકે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ .
- શ્રી છોત્તેર ગોળ દરજી જ્ઞાતિ સમાજનો ૨૬ મો સમૂલગ્નોત્સવ અને દ્વિતીય જીવનસાથી પસંદગી સમારોહ વાસણીયા મહાદેવ, ગાંધીનગર ખાતે યોજાશે.
- ગાંધીનગર શહેર સેકટર-૨૧માં આવેલ માઉન્ટ કાર્મેલ શાળઆ હોલમાં સાંજે ૪.૧૫ કલાકે 'ભૂર્ધન્ય કલાકાર રાસબિહારી દેસાઈ' સ્મરણીયે શિવરંજની સંસ્થા દ્વારા સ્વરાંજલિ કાર્યક્રમ.

## આપની આજ

**મેષ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે.

**વૃષભ** : વરિષ્ઠ વ્યક્તિઓ અને નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચનો યોગ. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકે છે. કૌટુંબીજનો સાથે સારો એવા સમયપસાર થઈ શકે છે.

**મિથુન** : કલાથી લાભનો યોગ. સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનતી જણાય. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. વેપાર સારો થશે.

**કર્ક** : શુભ મંગળ કાર્યોનો યોગ આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકરણ આવશે. દિવસ આનંદમય રીતે પસાર થાય. ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**સિંહ** : જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓ થશે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો યોગ. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપબ્ધિ પ્રાપ્ત મળી શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ. તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપત્તિ મળવાનો યોગ છે.

**તુલા** : વાહન સુખ પ્રાપ્તિનો યોગ. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાનો યોગ. અધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ.

**વૃશ્ચિક** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિ થઈ શકે છે. વેપાર કુટુંબમાં શુભકાર્યો, કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ ન થાય તેની કાળજી રાખવી.

**ધન** : આવકના સ્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થઈ શકે છે. રોગ, કર્જ સંબંધી કાર્યોમાં લાભ. વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

**મકર** : વિશિષ્ટ ખાનપાન પણ થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ. ભાગ્યવર્ધક યાત્રાઓનો વિશેષ યોગ. ધાર્મિક ક્ષેત્રમાં વિશેષ યાત્રા થઈ શકે છે.

**કુંભ** : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતનનો કરવું. શિક્ષા, જ્ઞાન વિશેષ નિર્ણયથી લાભ પ્રાપ્તિનો યોગ, પદ, વાહન સંબંધી વિવાદોમાં સમય પસાર થશે.

**મીન** : વ્યાપારમાં ગહન શોધ સંબંધી કાર્ય થશે. કલાત્મક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યોનો યોગ. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

## ચિરવિદાય

- સ્વ. શાંતાબા રજૂજી વાઘેલા (ઉ.વ. ૬૦) મુ.પો. નવા પિંપળજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કમુબા રજૂભા રાણા (ઉ.વ. ૭૬) મુ.પો.ધણપ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ચકુબેન નર્મદાશંકર રાવલ (ઉ.વ. ૯૫) પ્લોટ નં. ૪૫૧/૧, ગોકુળ સોસાયટી, સેકટર-૮/બી, ગાંધીનગર.
- સ્વ. રશ્મિ વિવેક ભાવે(ઉ.વ. ૩૫) પ્લોટ નં. ૭૨૧/૧, પંચશીલ પાર્ક, અંજલિ ફલેટ, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. જીવણભાઈ અમથાલાલ દીક્ષિત(ઉ.વ. ૮૧) પ્લોટ નં. ૪૯૫/૧, સેકટર-૩/સી, ગાંધીનગર.